વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૧ | અંક : ૧૧૪ | પેઈજ : ૧૦

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | એપ્રિલ : ૨૦૨૩ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# Happy Summer Vacation

મિત્રો, અત્યારે વેકેશન આવી રહ્યું છે. વેકેશનની મજા માણસો ત્યારે વેકેશનમાં શું નવું કરવું એવું કદાચ દરેકનાં મનમાં થતું હશે. ઘણાં બહાર ફરવા જશે, અલગ અલગ જગ્યાએ ફેમીલી સાથે ફરવાની મજા માણશે અને ઘણા આજકાલ 'Summer Camp' માં પણ જોડાય છે. અલગ અલગ પ્રવૃત્તિઓ તેમાં થઇ રહી છે. એ પણ સારું જ છે. તો જ્યારે તમે ફેમીલી સાથે બહાર હો કે ઘરમાં અત્યારે તમારી પાસે ખૂબ સમય છે. ત્યારે દરેક બાળકે માતા-પિતા સાથે વાતો કરી શકે.

ખરેખર, વેકેશન રજા માણવા માટે જ હોય છે. પરંતુ રજાની સાથે થોડો સમય ઘરનાં બધા લોકો સાથે સમય પસાર કરવો જોઇએ. મિત્રો સાથે તો વેકેશન થતું જ હોય ને ખાસ કરીને મોબાઇલનો ઉપયોગ ઓછો કરી ને કુટુંબીઓ સાથે રહેવું જોઇએ. ખાસ, વડીલો ઉંમરલાયક હોય એમની સાથે સમય વિતાવવો જોઇએ. ને એમની પાસેથી થોડું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં શું કરવું એ વિચારી શકાય છે. પરિવાર સાથે મળીને પણ ઘણી બાબતોનો ઉકેલ આવતો હોય છે. ઘરમાં મુક્ત વાતાવરણ હોવું જોઇએ. જેનાં લીધે બાળક ઘરના લોકો સાથે દિલ ખોલીને વાત કરી શકે, વેકેશનમાં પુસ્તકાલય એટલે કે Library નો પણ લાભ લેવો જોઇએ. જેના કારણે ભણવાની સાથે સાથે વિચારોમાં પણ પરિવર્તન આવે અને કંઇક નવું શીખવાની પ્રેરણા પણ મળે, પછી એક સારું પુસ્તક તમને બીજા મિત્રને પણ વાંચન માટે પ્રેરણારૂપ બનાવી શકે, કેમકે, એક કહેવત છે કે, 'એક પુસ્તક સો મિત્રની ગરજ સારે છે' માટે પુસ્તક જેનો સાથ કદી ન છૂટે માટે કાયમી મિત્ર બનાવીને ઘરે રાખી શકાય, ઘરમાં પણ થોડા પુસ્તકો રાખવા જોઇએ જેથી કરીને આવનારી પેઢીને પણ એમાંથી કશુંક નવું શીખી શકે, માટે લોકો જેમ બીજા ડિસ્કાઉન્ટમાં સેલમાં ને પ્રદર્શનમાં જેમ જતા હોય છે તેમ એકવાર Book Fair માં પણ Discount હોય છે ને હવે તો વિવિધ પ્રકારના પુસ્તકો જોવા મળે છે જેમાં તમને રૂચી હોય તેવા અને તેમાં પણ Discount મળે માટે વેકેશનમાં બધી પ્રવૃત્તિઓની સાથે-સાથે વાંચનમાં પણ ટાઇમ આપવો જોઇએ.

કાથરોટીયા કક્ષા સી., ધો. ૯

**Happy Summer & Enjoy Vacation**

## શું આપ જાણો છો ?

- દાંતને હાડપિંજર પ્રણાલીનો એક ભાગ માનવામાં આવે છે, પરંતુ હાડકા તરીકે ગણવામાં આવતા નથી.
- ફિંગર પ્રિન્ટની જેમ દરેકની જીભની પ્રિન્ટ પણ અલગ અલગ હોય છે.
- તમે તમારા શ્વાસને રોકીને તમારી જાતને મારી શકતા નથી.
- જ્યારે તમે છીંકો છો ત્યારે લોકો 'આર્શીવાદ આપે છે' કારણ કે તમારું હૃદય એક મિલીસેકન્ડ માટે અટકે છે.
- હાથી એકમાત્ર એવું પ્રાણી છે જે કૂદી શકતું નથી.
- અડધાથી વધુ હાડકાં આપણા હાથ, કાંડા, પગ અને પગની ઘૂંટીઓમાં સ્થિત છે.
- રાજસ્થાનમાં ઉંદરો માટે મંદિર છે.
- લોકપ્રિય રમત સાપ અને સીડીની ઉત્પતિ ભારતમાં થઈ હતી.
- ડ્રેગનફ્લાય સૌથી ઝડપી જંતુઓમાંથી એક છે, જે ૫૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડે છે.
- શરીરમાં સૌથી લાંબી સ્નાયુ જીભ છે.
- વિશ્વમાં સૌથી સામાન્ય નામ મોહમ્મદ છે.

ઢોલરીયા ક્રિષ્ના એસ., ધો. ૫

## સાદ કરે છે !



સાદ કરે છે, દિલ હરે છે રે,
મને એ સાદ કરે છે રે !
ગામને પાદર રોજ બપોરે
ઝાડવાં કેરી ડાળ,
સાદ કરે છે સાંજને ટાણે
દૂરની ડુંગરમાળ !
ભણવા ટાણે સાદ કરે છે.
નાનકું એક તળાવ,
કામની વેળા રોજ બોલાવે
એક એવો છે ઢાળ !
નદીઓ કેરી ભેખડ પેલી,
ખેતરો કેરી હાર,
સાદ કરે છે જંગલ - કેડી,
કેમ કરું હું વાર ?
આભ અડે જ્યાં દૂર જમીને
કોણ છુપાયું ત્યાં ?
રોજ ઈશારે એય બોલાવે :
આવ, અલ્યા ! અહીંયાં !

નોંઘણવદરા બંસી ટી., ધો. ૬



## મહેંદીના લીલા પાનમાંથી લાલ રંગ કેવી રીતે બને છે ?



મહેંદી સૌંદર્ય પ્રસાધનનું મહત્વનું અંગ છે. શુભપ્રંગોએ હાથમાં મહેંદી મુકવાની પ્રથા પુરાણી અને વિશ્વભરમાં ફેલાયેલી છે. મહેંદી એક વનસ્પતિ છે. તેના લીલા પાન છૂંદીને હાથ પર લગાડવાથી હાથમાં લાલ રંગ બેસી જાય છે અને તે ઘણા દિવસ સુધી રહે છે.

મહેંદીના છોડની ૪૦૦થી વધુ જાત છે. એશિયાના તમામ દેશો અને વિશ્વના કેટલા દેશોમાં તે થાય છે. તેના પાનની મહેંદી મુકવા સિવાય છોડનો કોઇ ઉપયોગ નથી. તમામ જાતની મહેંદીના પાન તો મહેંદી મૂકવા ઉપયોગ થાય છે. લોસોન નામનું ખાસ તત્વ હોય છે. તે મહેંદી શરીર પર લગાડવાથી ઠંડક પેદા કરે છે. કેટલાક દેશોમાં લોકો વાળ પણ મહેંદી વડે રંગે છે. મહેંદીના પાનનો ઉન, કપાસ અને રેશમના કાપડને રંગવામાં ઉપયોગ થાય છે.

ભુત પરી એન., ધો. ૬

## સ્લોવેનિયાની અદ્દભુત ગુફા : પોસ્ટોના કેવ

મધ્ય યુરોપમાં ઇટાલીની નજીક આવેલું સ્લોવેનિયા તેની કુદરતી અજાયબીઓ માટે જાણીતો છે. પર્વતો, ગુફાઓ અને તળાવોથી સમૃધ્ધ આ દેશમાં વિશ્વપ્રસિધ્ધ ગુફાઓ આવેલી છે તેમાં પોસ્ટોના કેવ સહેલાણીઓ માટે લોકપ્રિય ભૂગર્ભ ગુફા છે.



પૃથ્વીના પેટાળમાં ૧૧૫ મીટરની ઊંડાઇએ આવેલી ૨૪૧૨૦ મીટર લાંબી પોસ્ટોના ગુફા ચુનાના ખડકોની બનેલી છે.

પીવકા નદીએ કોતરેલી આ ગુફા ૧૭મી સદીમાં શોધાયેલી આ ગુફા કુદરતી અજાયબી છે અને પ્રવાસીઓની સુવીધા માટે તેમાં રેલગાડી અને લાઇટની સુવિધા ઉમેરવામાં આવી છે. ગુફામાં પાંચ કિલોમીટરની રેલ્વે લાઇન છે જે પ્રવાસીઓને ગુફાની સહેલગાહ કરાવે છે. તમે નહિ માનો પણ આ ગુફામાં વિશ્વની એકમાત્ર અન્ડરગ્રાઉન્ડ પોસ્ટ ઓફિસ પણ છે.

ગુફાની દીવાલો સુંદર રેશમી પડદા લટકાવ્યા હોય તેવી સુંવાળી દેખાય છે. ગુફા વચ્ચે નદીનું વહેણ છે અને બંને તરફ ચાલવા માટેના રસ્તા છે.

ગુફામાં કેટલીક નાની માછલી પણ જોવા મળે છે. ગુફામાં સુંદર એકવેરિયમ પણ છે. યુરોપની આ સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગુફા જોવા સંખ્યાબંધ સહેલાણીઓ આવે છે.

મોટલીયા ધારા એમ., ધો. ૧૧



## કાંચીપુરમનું પુરાતન એકામ્બરેશ્વર મંદિર

તમિલનાડુ ભવ્ય મંદિરોનો પ્રદેશ કહેવાય છે. વિશ્વ પ્રસિધ્ધ અને જોવાલાયક સંખ્યાબંધ વિરાટ મંદિરો ત્યાં આવેલા છે. સિલ્ક સાડીઓ માટે વિખ્યાત કાંચીપુરમ તેનાં મંદિરો માટે પણ જાણીતું છે. તેમાં સાતમી સદીમાં બંધાયેલું એકામ્બરેશ્વર મંદિર નોંધપાત્ર છે. એકામ્બરેશ્વર મંદિરનું સંકુલ ૨૫ એકર જમીન રોકે છે. ભારતનું આ સૌથી મોટું મંદિર છે. તેના ચાર દરવાજા ઉપર ચાર ટાવર છે. સૌથી ઊંચો ટાવર ૧૮૦ ફૂટ ઊંચો છે અને ૧૧ માળનો છે. ભારતનો આ સૌથી ઊંચો મંદિર મિનારો છે. વિજયનગરના સામ્રાજ્ય વખતે બંધાયેલ આ મંદિરના મુખ્ય હોલમાં ૧૦૦૦ સ્તંભો છે. મંદિરના સંકુલમાં અનેક દેવ દેવીઓની મૂર્તિઓવાળા ખંડો છે. એક ખંડમાં ભૂગર્ભ જળાશય પણ છે. એક ખંડમાં ભગવાન શિવની મૂર્તિ અને ૧૦૦૮ શિવલિંગ કોતરેલું શિલ્પ છે. આ મંદિરમાં ૩૫૦૦ વર્ષ જૂનો આંબો આવેલો છે. જેમાં આજે પણ કેરી પાકે છે. સંપૂર્ણ મંદિર અલંકારિક શિલ્પોથી ભરચક છે. આ મંદિરની ભવ્યતા સંખ્યાબંધ યાત્રાળુઓને આકર્ષે છે.

વાળા રૂત્વી પી., ધો. ૭

## એવરેસ્ટ ઉપર બે ગિરનાર મૂકીએ તો પણ ડૂબી જાય એવી ઉંડી ખીણ દરિયામાં છે.

પૃથ્વી ઉપર જેવી રીતે પહાડ, પ્રકૃતિ, જંગલ, પશુ-પક્ષી સહિતનું અઢળક વૈવિધ્ય છે, તેવું જ સમુદ્રમાં પણ છે. દરિયામાં પણ ચિત્ર-વિચિત્ર અનેક બાબતો સમાચેલી છે.પૃથ્વી ઉપરનો પોણોભાગ તો દરિયાનાં પાણી હેઠળ છે. એટલે સ્વાભાવિક રીતે જ તેમા અચરજ પમાડે તેવી અનેક બાબતો એવી છે જેના ઉપર સંશોધન થયું જ નથી. પૃથ્વી ઉપર પહાડ, ખીણ વગેરે છે. તે દરિયાની અંદર પણ છે. દરિયાની અંદર એક ખાઇ તો એટલી ઉંડી છે કે, વિશ્વનો સૌથી ઉંચો પર્વત માઉન્ટ એવરેસ્ટ પણ તેમાં ડૂબી જાય. પ્રશાંત મહાસાગરના પશ્ચિમ ભાગમાં આ ખાઇ વૈજ્ઞાનિકોએ જણાવી છે. તેનું નામ મારિયાના ટ્રેન્ચ, હિન્દીમાં મારિયાના ગર્ત અને ગુજરાતીમાં આપણે મારિયાના ખાઇ કહી શકીએ. મારિયાના ટાપુ સમૂહ આ સ્થળનું નજીકનું ક્ષેત્ર છે, એટલે તેને મારિયાના ગર્ત નામ અપાયુ છે. વૈજ્ઞાનિકોએ દરિયા હેઠળની આ ખાઇની ઉંડાઇ માપી તો ૧૧ હજાર ૨૨ મીટર થઇ. ફૂટમાં ગણીએ તો ૩૬ હજાર ૭૦ થાય. વૈજ્ઞાનિકોનાં સંશોધન પ્રમાણે દરિયાનાં પાણી હેઠળની આ ખાઇનો આકાર અર્ધચંદ્ર જેવો છે. તેની લંબાઇ ૨૫૫૦ કિલોમીટર અને પહોળાઇ ૬૯ કિલોમીટર છે. આ ખાઇના દક્ષિણ ભાગમાં એક ઘાટી જેવો ભાગ છે તેને ચેલેન્જર ડીપ કહેવામાં આવે છે. ત્યાંની ઉંડાઇ ૧૧ હજાર ૩૩ મીટર માપી શકાઇ છે. મારિયાના ટાપુ સમૂદ્રમાં ૧૫ એવા પહાડ બહાર દેખાય છે જે વાસ્તવમાં જ્વાળામુખી પર્વત છે. મોટોભાગ પાણીમાં છે. બહારતો ટોચનો ભાગ જ દેખાય છે. પ્રાપ્ત વિગત મુજબ અત્યાર સુધીમાં વિશ્વમાં સૌથી ઉંચા માઉન્ટ એવરેસ્ટ ઉપર લોકો જઇ ચૂકચા છે પરંતુ વિશ્વની સૌથી ઉંડી ખીણમાં માત્ર ત્રણ લોકો જ પહોંચ્યા છે. દરિયાની આ ખૂબ ઉંડી જગ્યા સુધી પ્રકાશ પહોંચતો નથી એટલે સંપૂર્ણ અંધકાર છવાયેલો છે.એક અહેવાલ ઉલ્લેખ કરે છે કે, ૧૯૬૦માં અમેરિકાના નિવૃત લેફ્ટેનન્ટ ડોન વોલ્સ એક સાથી જેકસ પિકાર્ડને લઇ મજબૂત સબમરીન સાથે મારિયાના ટ્રેન્ચ સુધી ગયા હતા. ઉલ્લેખ ઉમેરે છે કે, કેનેડાના ફિલ્મકાર જેમ્સ કેમરુન ૨૦૧૨માં ઉંડી ખાઇ સુધી ગયા હતા. તેમની સબમરીન બનાવવામાં સાત વરસ થયાં હતાં. જેમ્સ કેમરુન એ વ્યકિત છે જેમણે અવતાર અને ટાઇટેનિક ફિલ્મ બનાવી હતી. પૃથ્વી ઉપર સૌથી ઉંચો પર્વત માઉન્ટ એવરેસ્ટ ૮૮૪૮ મીટર ઉંચો છે. કિલોમીટરમાં ઉંચાઇ અંદાજે પોણા નવ કિલોમીટરથી થોડી વધારે થઇ જ્યારે મારિયાના ગર્ત ૧૧ હજાર ૨૨ મીટર ઉંડી છે. તેનો અર્થ એ થયો કે માઉન્ટ એવરેસ્ટ અહીં મૂકીએ તો પૂરો ડૂબી જાય છતાં ઉપર બે કિલોમીટરની વધુ જગ્યા છે. સૌરાષ્ટ્રનો ગિરનાર પર્વત ગુજરાતમાં સૌથી ઉંચો છે. તેની ઉંચાઇ એક કિલોમીટરથી થોડી વધુ છે. આમ આવા બે ગિરનાર પણ એવરેસ્ટ ઉપર મૂકી દઇએ તો પણ ઉપર દરિયાનું પાણી જ દેખાય.



ગોહેલ સાખી એચ., ધો. ૬



## મંગળ ગ્રહના સંશોધન કાર્યમાં ગુજરાતી પ્રાધ્યાપક

કચ્છ યુનિવર્સિટીના જિયોલોજીના પ્રાધ્યાપક ડૉ. સુભાષ ભંડેરીને મંગળ ગ્રહ અંગેના સંશોધન માટે પસંદ કરાયા છે. ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રથમ વખત જ કચ્છના પ્રાધ્યાપકને આવી તક સાંપડી છે. કચ્છ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સના જિયોલોજીના પ્રાધ્યાપક ડૉ. સુભાષ ભંડારીને ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) એ મંગળ ગ્રહ પરના ચોકકસ વિસ્તાર 'સીરિયા પેલેનમ' અને 'સોલિસ પેલેનમ' વિસ્તારમાં વિશિષ્ટ ભૂપૃષ્ઠ અને ભૂસ્તરનો અભ્યાસ કરવા ૨૫ લાખ રૂપિયાનું અનુદાન આપ્યું છે.

આ સંશોધન દ્વારા મંગળ ઉપર આવેલા વિવિધ ભૂમિ ભાગોનું ઇસરો દ્વારા આપવામાં આવેલી તસવીરોની મદદથી પદ્ધતિસરનું વર્ગીકરણ અને તેની ઉપરથી ત્યાં જળકૃત તથા અગ્નિકૃત ખડકોનું ચોકકસ મેપિંગ કરવામાં આવશે તેમજ ત્યાં વિવિધ વાતાવરણનું ભૂતકાળમાં પણ અસ્તિત્વ હતું કે નહીં તેની સ્પષ્ટ નોંધ કરવામાં આવશે. હવા તથા પાણીને કારણે થતાં ઘસારા, નિરપેક્ષ અને તેથી થતી ભૂ આકૃતિઓનો વિશિષ્ટ અભ્યાસ કરવામાં આવશે. ત્રણ વર્ષ ચાલનારા આ અભ્યાસ દરમિયાન અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગમાં 'માર્સ રિસર્ચ સેન્ટર' ઊભું કરવામાં આવશે. જ્યાં વિજ્ઞાનમાં રૂચિ ધરાવનારી સામાન્ય જનતા માટે પણ એક વિશેષ ગેલેરી ખોલવામાં આવશે અને વૈવિધ્યપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે.

ચુડાસમા નિધી આર., ધો. ૧૧

CONGRATULATIONS!











પ્રાયમરી સેક્શનના વિદ્યાર્થીઓને મેડલ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતાં.

















પ્રાયમરી સેકશનના વિદ્યાર્થીઓને મેડલ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું
જેમાં વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતાં.

# સાયકલોટ્રોનનો શોધક : અર્નેસ્ટ લોરેન્સ






શરીરમાં રહેલી કેન્સરની ગાંઠ દૂર કરવા માટે સાયકલોટ્રોન નામનું સાધન ઉપયોગી થાય છે. આ સાધન દ્વારા અણુના કેન્દ્રમાંથી વીજભાર વાળા કણો પ્રસારીત કરી શકાય છે. આ કણો વીજક્ષેત્રમાં વિવિધ રેડિયો ફ્રિકવન્સીમાં સર્પીલાકારે નીકળે છે અને કાબુમાં રાખી શકાય છે કે જેથી નિશ્ચિત માત્રામાં દર્દીનાં શરીરમાં પ્રવેશી કેન્સરની ગાંઠને બાળી નાખે છે. આ સાધનની શોધ ઇ.સ.૧૯૩૨માં અર્નેસ્ટ લોરેન્સે કરેલી. તેને ૧૯૩૯માં ફિઝિક્સનું નોબેલ ઇનામ એનાયત થયું હતું. હાલમાં સિન્કોસાયકલોટ્રોનો નામનું નવું સાધન વિકસ્યું છે પરંતુ વિશ્વમાં લગભગ ૧૨૦૦ જેટલા સાયકલોટ્રોન તબીબી ક્ષેત્ર ઉપયોગ થઇ રહયો છે. ઊંચી ઊર્જા પેદા કરતાં સાયકલોટ્રોનનો ઉપયોગ ફિઝિક્સના સંશોધનોમાં પણ થાય છે.

અર્નેસ્ટ લોરેન્સનો જન્મ અમેરિકાના સાઉથ ડાકોટાના કેન્ટોન ગામે ઇ.સ.૧૯૦૧ના ઓગસ્ટની ૮ મી તારીખે થયો હતો. તેના પિતા નોર્વેજિયન નિરાશ્રીત હતા અને સ્થાનિક અને માધ્યમિક શિક્ષણ કેન્ટોનમાં જ લીધેલું. ઉચ્ચ અભ્યાસ માટે તે મિનેસોસની સેન્ટ ઓલાફ કોલેજમાં જોડાયો ત્યારબાદ સાઉથ ડાકોટાની યુનિવર્સિટીમાંથી વધુ અભ્યાસ કરી ફિઝિક્સમાં માસ્ટરની ડિગ્રી મેળવી. આ ડિગ્રી મેળવવા તેણે ચુંબકીય ક્ષેત્રમાં ચક્રાકાર ફરે તેવું પ્રાયોગિક ક્ષેત્ર બનાવેલું. ત્યારબાદ પણ અભ્યાસ અને સંશોધનો ચાલુ રાખી વિવિધ યુનિવર્સિટીમાં ફિઝિક્સના પ્રોફેસર તરીકે જોડાયો. ૧૯૨૯માં સંશોધનો શરૂ કરીને તેણે ૧૯૩૨માં સાયકલોટ્રોન વિકસાવ્યું. ૨૭ ઇંચના સાયકલોટ્રોનની સફળતા બાદ ન્યૂર્યોક ટાઇમ્સે લોરેન્સને જાદુઇ શોધ કરનાર વિજ્ઞાની તરીકે બિરદાવ્યો, અમેરિકાના પ્રમુખ આઇઝનહોપરે રશિયા સાથે મહત્વના અણુકરારની ચર્ચા કરવા લોરેન્સ જિનીવા ગયો પણ ત્યાં વધુ બિમાર પડયો અને તાત્કાલિક સ્ટેનફોર્ડ યુનિવર્સિટી હોસ્પિટલમાં ખસેડાયો.

ઇ.સ.૧૯૫૮ના ઓગસ્ટની ૨૭ તારીખે તેનું હોસ્પિટલમાં મૃત્યુ થયું.









શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે.
યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.

CONGRATULATIONS!































ઇંગ્લીશ મિડીયમ સેક્શનના વિદ્યાર્થીઓને મેડલ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાલીશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતાં.






## Think Positive

જો તમે સુખ સમૃદ્ધિની માંગણી કરશો તો તમને સુખ પ્રાપ્ત થશે જ. જો મુકિતની ઇચ્છા રાખશો તો મુકિત મળશે. સંસાર તો કલ્પવૃક્ષ છે, તેની પાસેથી તમે જેની ઇચ્છા રાખશો તે તેનું જ પ્રદાન કરશે. તમે વૈભવના માટે તેની સામે હાથ ફેલાવશો તો તમારા માટે રત્નોનો ભંડાર ખોલી દેશે. તમે આનંદ પ્રાપ્તિને માટે પ્રાર્થના કરશો તો તમારા માટે સ્વર્ગ તૈયાર થઇ જશે. જે તેને હર્યાભર્યા રમતના સ્થાન તરીકે જોવાની આદતવાળા છે તેમના માટે નિત્ય શાશ્વત અને આનંદધામ બની જશે. ફકત એકાગ્રચિત થઇ ઉતમ અને ઉચ્ચ વિચારોને કાર્યરૂપમાં પ્રગટ કરવાનું શીખી લો. આ તમારી સૌથી ઉત્કૃષ્ટ શકિત છે. એને ઇચ્છિત કાર્યોમાં લગાડવાથી સફળતા પ્રાપ્ત થઇ શકે છે.

તમે આજથી અત્યારથી જ દૃઢ સંકલ્પ કરો કે હું નકામી વિચારધારામાં લીન રહીશ નહીં. મારી કાર્યશકિત અનંત છે. મને પૂર્ણ અનુભવ થઇ ગયો છે કે મનુષ્ય જે કાર્ય કરે છે, તેનું ફળ તે મેળવે છે. મારી પ્રગતિ કે અધોગતિ, માન કે અપમાન મારા કાર્ય ઉપર નિર્ભર છે. ઉત્તમ કાર્ય, ઉચિત કાર્ય અને નિરંતર સાધનાથી જોડાયેલા રહો. સારા વિચારો જ ઉત્તમ જીવનનું નિર્માણ કરે છે.

તમે જીવન પ્રત્યેની તમારી ધારણાઓ બદલી નાખો. વિશ્વાસ તથા જ્ઞાનથી જ તમારા જીવનભવનનું નિર્માણ કરો. જો વર્તમાન મુશ્કેલીમાં ઘેરાયેલો છે તો તેનો અર્થ એવો નથી કે ભવિષ્ય પણ અંધકારમય છે. તમારું ભવિષ્ય ઉજ્જવળ છે. વિચારપૂર્વક જુઓ કે જે કાંઇ તમારી પાસે છે તેનો સૌથી સુંદર ઉપયોગ કરી રહ્યા છો કે નહી ? કારણ કે જો ઉપસ્થિત સાધનોનો દુરુપયોગ કરતા હો તો પછી તે ગમે તેટલાં તુચ્છ અને સારા વગરનાં કેમ નથી તેમ એના પણ અધિકારી નહીં રહો. તે પણ તમારાથી દૂર ભાગી જશે અથવા તો છીનવાઇ જશે. જ્યાં સુધી તમે પોતે તમારી દશા-સ્થિતિ નહીં સુધારો ત્યાં સુધી દુઃખ, શોક તથા ચિંતાઓ પીછો છોડી નથી શકતી અને પરિણામસ્વરૂપ તમે કાયમ દુઃખી રહી શકો છો એટલાં માટે આપણી આંતરિક દશા સુધારીએ. આંતરિક જીવનની સાથે બાહ્ય જીવનમાં પરિવર્તન થવું નિશ્ચત છે.

અસ્ત-વ્યસ્તતા અને અવ્યવસ્થા જ એવા કાર્યો છે જે આપણને દીનહીન અને આળસુ બનાવતા રહે છે. બીજાની તરફ મદદ માટે એટલા માટે જોવું પડે છે કારણકે નથી આપણે આપણી જાતને ઓળખી શકયા કે નથી આપણી ક્ષમતાઓને સાચી દિશામાં સાચી રીતથી ઉપયોગ કરવાની કુશળતા પ્રાપ્ત કરી શકયા. શારીરિક આળસ અને માનસિક પ્રમાદ જ આપણને આવી દયનીય સ્થિતિમાં રાખે છે કારણ કે, આત્મવિશ્વાસ હોવા છતાં તેનો ઉપયોગ કરી શકતા નથી અને બીજાની સામે સહાયતા માટે જોવું પડે છે. ધીરજની કસોટી સુખ કરતાં દુઃખમાં વધારે થાય છે. મહાપુરુષોની એ વિશેષતા હોય છે કે દુઃખો આવવાથી તેઓ આપણી જેમ અધીરા થઇ જતા નથી તેને પ્રારબ્ધકર્મોનું ફળ સમજીને તેઓ પ્રસન્નતાપૂર્વક સહન કરે છે. કષ્ટો અને મુશ્કેલીઓને દુઃખ માનીને જે તેનાથી દૂર ભાગે છે, તેને એ દુઃખરૂપે જ વળગે છે, પરંતુ જે બુદ્ધિમાન છે, તેઓ આવી બાબતોને સુખપ્રદ માનીને તેનું સ્વાગત કરે છે, તેમના માટે દેવદૂત સમાન વરદાયી નીવડે છે. જીવનની અંદર પરિવર્તનથી ડરવું અને સંઘર્ષોથી દૂર ભાગવું એ મનુષ્યની મોટી કાયરતા છે. મનુષ્ય જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી તેણે પરિવર્તનપૂર્ણ ઉતાર-ચઢાવ અને બનતી બગડતી, અનુકૂળ - પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો જ પડશે. સુખઃદુઃખ, હાનિ-લાભ, સફળતા-નિષ્ફળતા, સુવિધા તથા મુશ્કેલીઓની વચ્ચેથી જ પસાર થવું પડશે. જીવનમાં આ પ્રકારની સ્થિતિ, પરિસ્થિતિઓનું નિર્માણ તો થતું જ રહેશે. માણસે તેની સામે ઝઝૂમવું જ પડશે. આપત્તિઓ સંસારનો સ્વભાવિક ધર્મ છે. તે આવ છે અને ભવિષ્યમાં પણ એ સદાય આવતી રહે. તેનાથી ન ભયભીત થાઓ, ન તો ભાગવાનો પ્રયાસ કરો, પરંતુ પોતાના પૂર્ણ આત્મબળ, સાહસ અને શૂરતા સાથે તેનો સામનો કરો, તેના પર વિજય મેળવો અને જીવનમાં મોટામાં મોટો લાભ ઉઠાવો. આમ, આપણે જીવનમાં હંમેશા સકારાત્મક જીવનશૈલીને અપનાવવાની છે અને તે મુજબ જીવીશું તો અભિષ્ટની પ્રાપ્તિ અવશ્ય થશે.

રાખેચા હર્ષાલી એસ., ધો. ૬

## જસ્ટ એ મિનિટ...



એક બાળકીના બન્ને હાથમાં એક એક સફરજન હતું. એની મમ્મીએ ચહેરા પર સ્મિત સાથે લાડભર્યા અવાજે બાળકીને પૂછ્યું :

બેટા,તારી પાસે બે સફરજન છે એમાંથી એક મમ્મીને આપીશ ?
પેલી બાળકી એની મમ્મીના ચહેરા પર ક્ષણવાર તાકી રહી અને પછી ફટાફટ એક સફરજનમાંથી એક બટકું ખાઇ લીધું ને પછી બીજા સફરજનમાંથી પણ એક બટકું ખાઇ લીધું.

આ જોઇને એની મમ્મીના ચહેરા પરથી સ્મિત ગાયબ થઇ ગયું અને વિશ્વાસ નહોતો બેસતો કે એની લાડકી દીકરી એની સાથે આવું વર્તન કરે. આઘાતના માર્યા એ ગુસ્સે થવાની અણી પર હતી ત્યાં જ પેલી બાળકીએ પોતે ખાધેલા પૈકી એક સફરજન એની મમ્મીને આપતાં કહ્યું : મમ્મી, લે આ સફરજન ખા. આ સફરજન વધારે મીઠું છે.

પોતાની નાનકડી દીકરીની આ સમઝણ જોઇને એની મમ્મીનો ગુસ્સો તો ઓગળી ગયો ને એ ભાવવિભોર બની ગઇ.

આમાંથી આપણે સમજવાનું એ છે કે...

આપણે વડીલ હોઇએ કે ગમે એવા અનુભવી, ખૂબ જ જ્ઞાની હોઇએ કે ગમે એટલા હોશિયાર કોઇના વિશે કોઇ નિર્ણય કે ફેંસલો આપતાં પહેલાં એક ક્ષણ થોલી જાઓ.

બીજા શબ્દોમાં કહીએ તો સામેની વ્યકિતને સ્પષ્ટ કરવાની તક આપીને વધુ સારી સમજ કેળવવાનું વાતાવરણ સર્જવું જોઇએ.

CONGRATULATIONS!
















પ્રાયમરી સેક્શનના વિદ્યાર્થીઓને મેડલ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું
જેમાં વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતાં.